GJVL050020452025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| નિર્ણય તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૯ ૧૯ |

સત્યમેવ જયતે

**-::નમૂનો-અ::-**

| ધરમપુરના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધરમપુર.<br>ચુકાદાની તારીખ : ૦૮/૦૬/૨૦૨૬<br>ફોજદારી કેસ નં. ૧૮૫૨/૨૦૨૫ | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)બી મુજબ.. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૦૦૧૮૨૫૦૨૦૧/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ધરમપુર પોલીસ સ્ટેશન |
| ફરિયાદપક્ષ | નામદાર સરકારશ્રી |
| રજૂઆત | એ.પી.પી.શ્રી બી.એસ.ભોયે. |
| આરોપીપક્ષ | ૧) આશિષભાઈ રમેશભાઈ પટેલ, ઉ.વ.૨૦, વ્યવસાય- ખેતી/મજુરી, રહે. કાકડકુવા, સડક ફળીયા, તા. ધરમપુર, જિ. વલસાડ. |
| રજૂઆત | વિ.વકીલશ્રી જે.એ.સોલંકી |
| -::નમૂનો-બ::- | |

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૯/૦૨/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૦૨/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૦૫/૨૦૨૫ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| પ્લી નોંધ્યા તારીખ | ૧૭/૦૯/૨૦૨૫ |
| પુરાવાના સ્ટેજે આવ્યા તારીખ | ૧૭/૦૯/૨૦૨૫ |
| જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ/હુકમની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |

## ::આરોપીની વિગત ::

| અ નુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્ત | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયનો સમય ગાળો ફો. કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આશિષ ભાઇ રમેશભાઇ | ૨૦/૦૨/૨૫ | ૨૦/૦૨/૨૫ | પ્રોહીબીશન એકટની કલમ- | નિર્દોષ | - | - |

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પટેલ | | | ૬૬(૧)બી | | | |

## ::નમૂનો ક::

### <u>મૌખિક પુરાવા :-</u>

**અ. <u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા :-</u>**

| **અનુ.** | **નામ** | **આંક** |
|---|---|---|
| (૧) | પંચસાહેદ રાહુલભાઈ ઠાકોરભાઈ સોલંકીની જુબાની | ૪ |
| (૨) | પંચસાહેદ જીતેશભાઈ જયંતિભાઈ ચૌધરીની જુબાની | ૬ |
| (૩) | ફરિયાદી જયશિવ રમતુભાઈ પટેલની જુબાની | ૭ |
| (૪) | ડો. સાહેદ કશ્યપ કનનભાઈ કાપડીયાની જુબાની | ૯ |
| (૫) | ત.ક.અ.શ્રી સમરસિંહ વખતસિંહની જુબાની | ૧૪ |

**બ. <u>બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા :-</u>**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**ક. <u>અદાલત દ્વારા :-</u>**

| અનુ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

### <u>દસ્તાવેજી પુરાવા :-</u>

**અ. <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :-</u>**

| **અનુ.** | **આંક** | **પુરાવાનું વર્ણન** |
|---|---|---|
| (૧) | ૫ | શરીર સ્થિતીનું પંચનામું |

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

| | | |
|---|---|---|
| (૨) | ૮ | ફરિયાદ |
| (૩) | ૧૦ | યાદી |
| (૪) | ૧૧ | ફોર્મ–એ |
| (૫) | ૧૨ | ફોર્મ–બી |
| (૬) | ૧૩ | ફોર્મ–સી |
| (૭) | ૧૫ | ડેપ્યુટ હુકમ |

**બ. <u>બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–</u>**

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ક. <u>અદાલત ધ્વારા :–</u>**

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**<u>ડ. સામગ્રીની વસ્તુઓ :–</u>**

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**<u>–:: ચુ કા દો ::–</u>**

**<u>કેસની ટુંકી હકીકત :</u>**

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૦/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૩:૪૫ વાગ્યે મોજે કાકડકુવા, ધરમપુર ખાતે આ કામના આરોપી વગર પાસ પરમીટે દારૂ પીધેલાની નશાની હાલતમાં પોલીસ કંટ્રોલ રૂમની પોલીસ વર્ધી આધારે પકડાઇ જઇ ગુનો કરેલ હોવાથી પોલીસે અત્રેની નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**<u>ન્યાયિક કાર્યવાહી</u>**

(૨) હાલના કામના આરોપી વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૧૦(૧)(ખ) આધારે આરોપી વિરુદ્ધ **પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧) બી** મુજબના ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૨૭ અન્વયે આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિ.વ.શ્રી. મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૩૦ માં ઠરાવેલ જોગવાઇ અનુસાર આરોપીને તેઓને બચાવ માટે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે સોંપ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોક્ત ગુના અન્વયેની સજાની જોગવાઈ ધ્યાને લેતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨(એક્ષ) મુજબ સમંસ ટ્રાયેબલ ગુનો હોય **આંક–૩** થી આરોપીનું નિવેદન નોંધતા તેઓની સામેના ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી સદરહું અધિનિયમની કલમ– ૨૭૭ મુજબ ફરિયાદપક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં આરોપીનો મુખ્યત્વે બચાવ ગુન્હાના

ઈન્કારનો છે. આરોપીએ બચાવના સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો આપવાનું પસંદ કરેલ નથી. વધુમાં, તેઓએ વિશેષમાં એવું જણાવેલ છે કે,''અમો નિર્દોષ છીએ. કુટુંબ કબીલાવાળા ઈજ્જતદાર વ્યકિત છીએ. કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. જેથી અમો ઉપર દયા રહેમની નજર રાખી નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવશોજી.''

## દલીલ

(૪) અત્રે એ ઉલ્લેખનીય બાબત છે કે, એ.પી.પી.શ્રી અને આરોપીના વિ. વકીલશ્રીની દલીલો ધ્યાનપૂર્વક સાંભળવામાં આવેલ છે. તેમજ ફરિયાદપક્ષે કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે અને જેની ચર્ચા મુદ્દાઓ સાથે સાંકળી લીધેલ છે.

(૫) ફરિયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાને લેતાં કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–।। મુદ્દાઓ ।।–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૦/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૩:૪૫ વાગ્યે મોજે કાકડકુવા, ધરમપુર ખાતે આ કામના આરોપી વગર પાસ પરમીટે દારૂ પીધેલાની નશાની હાલતમાં પોલીસ કંટ્રોલ રૂમની પોલીસ વર્ધી આધારે પકડાઇ જઇ પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી મુજબનો ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

(૬) ઉપરોક્ત મુદ્દાઓના આ અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | **આખરી હુકમ મુજબ** |

**–॥ કારણો ॥–**

(૭) આ કામના વર્તમાન આરોપી વિરુદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં, ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદમાં સકારાત્મક પુરાવાથી શંકાથી પરે સાબિત કરવાના રહે છે. આ કામે ફરિયાદપક્ષે સૌ પ્રથમ નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે;

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે **પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી** મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને જે ગુનાના કાયદાકીય આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે તો તે ક્યારે અને કેવી રીતે બને તેની ચર્ચા કરું તો તે નીચે મુજબ છે :

**કલમ–૬૬(૧)બી. તે દારૂ/શણના સેવન અથવા ઉપયોગ પર પ્રતિબંધ મૂકે છે.**

''માન્ય પરમીટ વિના કોઈપણ માદક પદાર્થ (અફીણ સિવાય) અથવા ગાંજાના સેવન, ઉપયોગ, કબજા અથવા પરિવહનને ફોજદારી ગુનો બનાવે છે.''

(૮) ઉપરોકત મુદ્દા સંબંધિત ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ

પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલાં પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની ત્રીજી આવૃતિના પાના નં.૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની ધ્વારા કરવામાં આવેલ છે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે :

> ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈપણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારિક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તિત્વ એ અનઅસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે.''

આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયા એ પુરાવાના મૂલ્યાંકનનો ભાગ છે.

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

(૯) આ કામે ફરિયાદપક્ષે પંચસાહેદો રાહુલભાઇ ઠાકોરભાઇ સોલંકી તેમજ જીતેશભાઇ જયંતિભાઇ ચૌધરી નાઓને અનુક્રમે આંક–૪ અને ૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું બંને પંચસાહેદોને આરોપીની શરીર સ્થિતીનું પંચનામું બતાવવામાં આવતા તેમાં અનુક્રમે પંચ નં.૨ અને ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે, જે પંચનામું આંક– ૫ થી રજુ છે.

ત્યારબાદ ઉપરોકત બંને પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા અને બાદમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારબાદ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત સ્વીકારેલ છે કે, પોલીસના કહેવાથી તેઓએ એક લખેલ કાગળમાં સહી કરેલ હતી તેમજ તે સિવાય બીજું તેઓ કાંઇ જાણતા નથી. તેઓને પોલીસ સાથે કશે જવાનું થયેલ નથી.

(૧૦) ફરિયાદપક્ષે આ કામે આંક–૭ થી ફરિયાદી જયશિવભાઇ રમતુભાઇ નાઓને તપાસવામાં આવેલા છે. સદરહું ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' તા. ૧૯/૦૨/૨૦૨૫ ના રોજ અમો તથા સાથેના હોમગાર્ડ અને એક ડ્રાઇવર પો.કો. સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ધરમપુર પો.સ્ટે. ખાતેથી પી.એસ.ઓ. તરફથી ૧૦૦ નંબરની વર્ધી મળેલી. તે વર્ધી મુજબ કાકડકુવા ગામના, ઝાંપા પાસે કોલર આશિષભાઈએ જણાવેલું કે એક દારૂડિયો મોબાઈલ લઈને નાશી ગયેલ છે. જેથી અમો સદર કાકડકુવા ગામે ગયેલા અને ત્યાં જઈને જોતાં એક ઈસમ તોતડાતી જીભે ત્યાં હાજર ઈસમો સાથે બોલાચાલી કરતો હતો. જેથી અમો આરોપીને પી.સી.આર. વાહનમાં બેસાડી ધરમપુર પો.સ્ટે. ખાતે લઈ આવેલ અને સદર ઈસમ આશિષ નાઓએ કોઈક કેફી પીણું પીધેલું હતું અને

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

તેની આંખો લાલઘુમ અને તોતડાતી જીભે વાત કરતો હોય જેથી હાજર પી.એસ.ઓ. નાઓએ સમરસિહં વખતસિંહ નાઓને જાણ કરેલી. સમરસિંહ નાઓએ આવીને બે પંચોને બોલાવી સદર ઈસમનું નામઠામ પૂછતા તેણે તોતડાતી જીભે પોતાનું નામ આશિષભાઈ રમેશભાઈ પટેલ, રહે. કાકડકુવા, ધરમપુર. મુળ રહે. નર્મદા કોલોની, ઈન્દોર, મધ્યપ્રદેશના હોવાનું તોતડાતી જીભે જણાવેલ. તેની આંખો લાલઘુમ દેખાતી હોય જેથી બ્રેથ એનાલાઈઝરમાં ફૂંક મારવાની નવી સ્ટ્રો લગાડી તેમાં તેને ફૂંક મારવાનું જણાવતા તેણે દારૂ પીધેલાનું જણાઈ આવેલ જેની પાસે પંચો રૂબરૂ દારૂ પીવા અંગે પાસ પરમીટની માંગણી કરતા તેણે નહી હોવાનું જણાવેલું. સદર ઈસમનું શરીર સ્થિતીનું વિગતવારનું પંચનામું અમારી રૂબરૂ કરી આરોપીની અટક કરી પંચનામું કરેલું અને આ અંગેની ફરિયાદ અમોએ ધરમપુર પો.સ્ટે. માં આપેલી. અમોને ફરિયાદ બતાવવામાં આવે છે. તે જોઈને કહું છું કે તેમાં ફરિયાદી તરીકે મારી સહી છે. જે ઓળખી બતાવું છું. જે ફરિયાદ આંક– ૮ થી રજુ છે.''

ત્યારબાદ ઉપરોકત ફરિયાદીએ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,''મારી ફરિયાદમાં પી.સી.આર. વાનનો નંબર જણાવેલો નથી. અમો કયા વિસ્તારમાં હતા અને અમને કયા ટેલીફોન નંબર પરથી વર્ધી મળેલી તે હકીકત મારી ફરિયાદમાં જણાવેલી નથી. ગુનાવાળી જગ્યા ઉપર મે ફરિયાદ આપેલી નહી, પો.સ્ટે. માં આવીને ફરિયાદ આપેલી. મારી ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. મારી ફરિયાદમાં કહેવાતા આરોપીએ કયા પ્રકારનું કેફી પીણું પીધેલું છે તે જણાવેલ નથી. કહેવાતો આરોપી એ જ છે તે દર્શાવતા સરકાર માન્ય પુરાવા જેવા કે આધારકાર્ડ, ચુંટણીકાર્ડ મે જોયેલ નહી. બ્રેથ એનાલાઈઝરમાં ફૂંક મરાવતા કેટલી માત્રામાં કેફી પીણું બતાવેલું તે

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

ફરિયાદમાં જણાવેલું નથી.''

(૧૧) ત્યારબાદ આ કામે આંક–૯ થી ડો. સાહેદ કશ્યપ કનનભાઈ કાપડીયા નાઓને તપાસવામાં આવેલા છે. ડો. સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' તા. ૨૦/૦૨/૨૦૨૫ ના રોજ અમો મેડીકલ ઓફિસર તરીકે ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન આરોપી નામે આશિષભાઈ રમેશભાઈને પોલીસ યાદી સાથે ધરમપુર પો.સ્ટે. ના પો.કો. જયશિવ રમતુભાઈ, ૧૧૪ આરોપીને બ્લડ સેમ્પલ લઈ ચકાસણી કરવા સારું લાવેલ હતા. જે યાદીની કોપી આ કામે આંક– ૧૦ થી રજુ છે. આરોપીની તપાસણી કરતા તેના શ્વાસમાં આલ્કોહોલની વાસ હતી, તેની ભાષા સામાન્ય હતી, તેની ચાલ સ્થિર હતી અને તેની આંખની કીકી સામાન્ય હતી અને મારા અભિપ્રાય મુજબ ઉકત વ્યકિતએ આલ્કોહોલ લીધો હતો અને તે આલ્કોહોલની અસર તળે હતો. જે અંગે અમોએ ફોર્મ– એ ભરેલ. જેમાં મેડીકલ ઓફિસર તરીકે અમોએ સહી કરેલી અને અમારા હોદ્દાનો શીલ મારેલો જે ફોર્મ– એ આ કામે આંક– ૧૧ થી રજુ છે. ત્યારબાદ અમોએ પ્રથમ આરોપીના ડાબા હાથની કોણીમાં નોર્મલ સલાઈનથી સાફ કરી ૫ એમ.એલ. જેટલું બ્લડ સીરીંજ દ્વારા લઈ ફલોરાઈડ વેકયુટીમાં લઈને તેના ઉપર આરોપીનું નામ, એમ.એલ. સી. નંબર લખી લાખ વડે શીલ કરી ફોર્મ– બી ભરીને ઓફિસ ખાતે આપેલ હતું અને જે ગાંધીનગર એફ.એસ.એલ. કચેરી મોકલવા માટે જણાવેલ હતું, જે ફોર્મ– બી આંક– ૧૨ થી રજુ છે.ત્યારબાદ એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર મુકામેથી આલ્કોહોલના સેમ્પલ અંગે પૃથ્થકરણ અહેવાલ ફોર્મ– સી આવી જતા તેમાં આરોપીના બ્લડમાંથી ૦.૧૦૭૨ ગ્રામ પરસેન્ટેજ જેટલું ઈથાઈલ આલ્કોહોલ જોવા મળેલ. જે ફોર્મ– સી આ કામે

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

આંક– ૧૩ થી રજુ છે.''

ત્યારબાદ સદરહું ડો. સાહેદે આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,'' કહેવાતા આરોપીને પોલીસ યાદી સાથે લાવેલા. કોઇ વ્યકિતને આંખમાં ઇન્ફેકશન હોય તો તેની આંખ લાલ હોઇ શકે. મારી સમક્ષ જયારે કહેવાતા આરોપીને લઇને આવેલા ત્યારે પોતાની રીતે ચાલીને આવેલા. કહેવાતા આરોપી મારી સૂચનાનું પાલન કરતો હતો. કોઇ વ્યકિતને શરદી–ખાંસી થયેલી હોય કે કફ–શીરપ, પાકા ચીકુનું વધારે પડતું સેવન કરવાથી આલ્કોહોલનું પ્રમાણ લોહીમાં આવી શકે કે કેમ. બ્લડ સેમ્પલ લીધા બાદ શીશીને શીલ માર્યા બાદ તેના પર કહેવાતા આરોપીની કોઇ સહી લીધેલી નહી. બ્લડ સેમ્પલ લીધા બાદ કબાટમાં મુકેલું અને એ કબાટ બધા જ ડોકટરો ઉપયોગ કરી શકે. બ્લડ સેમ્પલ લીધેલી શીશી મે જાતે રવાના કરેલી નહી. મે ગુજરાત પ્રોહી. મેડીકલ એક્ષામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ ના રૂલ ૩ અને ૪ નો અભ્યાસ કરેલો નથી. બોમ્બે બ્લડ ટેસ્ટ રૂલ ૪(૨) મુજબ અમારી હોસ્પિટલનો મોનોગ્રામ મારેલ પત્ર સાથે સામેલ રાખેલ નથી. લીધેલા સેમ્પલ ગંઠાઇ ના જાય તેના માટે કેટલા પ્રમાણમાં રસાયણ મિશ્રણ કરવામાં આવેલું તે હું ચોકકસપણે કહી શકું નહી.''

**(૧૨)** ત્યારબાદ આ કામે આંક–૧૪ થી ત.ક.અ.શ્રી સમરસિંહ વખતસિંહ નાઓને તપાસવામાં આવેલા છે. સદરહું ત.ક.અ.શ્રી એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજ અમો અ.હે.કો. તરીકે બીટ નં.૩ ઇન્ચાર્જ તરીકે ફરજ પર હાજર હતા તે વખતે પી.સી.આર. ના ઈન્ચાર્જ આ કામના ફરિયાદી પો.કો. જયશિવભાઈ રમતુભાઈ પટેલ નાઓ એક ઈસમ નાઓને ધરમપુર પો.સ્ટે. ખાતે પીધેલી હાલતમાં લઈ આવેલ. અમોએ આરોપીની અટક

કરી તેની શરીર સ્થિતીનું પંચનામું બે પંચો રૂબરૂ કરેલું અને આ કામના આરોપી સામે પો.કો. જયશિવભાઈ રમતુભાઈ નાઓએ ફરિયાદ આપેલી. સદર કામની તપાસ અમોને ડેપ્યુટ કરેલી. જે ડેપ્યુટ હુકમ આ કામે આંક– ૧૫ થી રજુ છે. ત્યારબાદ અમોએ તપાસ સંભાળી લઈ આરોપીને અટક કરી જામીન મુકત કરેલા તેમજ આરોપીનું નિવેદન નોંધેલું. તેમજ આરોપીની મેડીકલ તપાસ કરવા તજવીજ કરેલી અને આ કામના આરોપી સામે પુરતા પુરાવા જણાઈ આવતા અમોએ ચાર્જશીટ કરેલી.''

ત્યારબાદ ઉપરોકત ત.ક.અ.શ્રી એ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,'' કાકડકુવા એ વસ્તીવાળો વિસ્તાર છે, ત્યાંથી સ્વતંત્ર પંચો અને સાહેદો મળી શકે એમ છે. મને તપાસના કામે મળેલ ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી અને પી.સી.આર. વાનનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર પણ જણાવેલો નથી. બ્રેથ એનાલાઈઝરમાં ફૂંક મરાવતા કેટલી માત્રામાં કેફી પીણું બતાવેલું તે ફરિયાદમાં જણાવેલું નથી. ત્યાં વાહનોની અવર જવર થોડી રહે છે. કહેવાતો આરોપી મારી સૂચનાનું પાલન કરતો હતો. કોઈ વ્યકિતને આંખમાં ઈન્ફેકશન હોય તો તેની આંખ લાલ હોઈ શકે. ગુનાવાળી જગ્યા પર કોઈ ફરિયાદ આપેલ નથી. આ કામે ગુનાવાળી જગ્યાની આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.''

## <u>–: પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

(૧૩) હાલના કામે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આંક–૭ થી ફરિયાદી જયશિવભાઈ રમતુભાઈ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, તેઓની ફરિયાદમાં પી.સી.આર. વાનનો નંબર જણાવેલો નથી તેમજ તેઓ કયા વિસ્તારમાં હતા અને તેમને કયા ટેલીફોન નંબર પરથી

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

વર્ધી મળેલી તે હકીકત ફરિયાદમાં જણાવેલી નથી. વધુમાં તેઓ ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નહી હોવાનું સ્વીકારે છે અને તેઓની ફરિયાદમાં કહેવાતા આરોપીએ કયા પ્રકારનું કેફી પીણું પીધેલું છે તે જણાવેલ નહી હોવાની હકીકત પણ સ્વીકારે છે. તે ઉપરાંત, તેઓએ કહેવાતો આરોપી એ જ છે તે દર્શાવતા સરકાર માન્ય પુરાવા જેવા કે આધારકાર્ડ, ચુંટણીકાર્ડ તેઓએ જોયેલા નથી. જેથી ઉપરોકત ફરિયાદીની જુબાનીને આધારે આરોપી નશાની હાલતમાં હતા કે નહી તે હકીકત સંદર્ભે શંકા ઉદ્ભવે છે અને આરોપી વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત થતું નથી.

(૧૪) વધુમાં, આ કામે આંક-૯ થી ડો. સાહેદની જુબાની નોંધવામાં આવેલ છે. પરંતુ તેઓની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો આ કામના આરોપીએ આલ્કોહોલનું સેવન કરેલ હતું કે કેમ એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. તે ઉપરાંત, સદર કામે આંક-૧૪ થી સમરસિંહ વખતસિંહને તપાસવામાં આવેલ છે. જો કે હાલના કેસના ત.ક.અ.શ્રી છે. તેઓએ પોતાની જુબાનીમાં બનાવ અંગે લાગતા વળગતા સાહેદોનું નિવેદન નોંધી આરોપીની અટક કરી, પંચનામું કરી આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. ત.ક.અ.શ્રી ની જુબાની ધ્યાને લેવામાં આવે તો, કાકડકુવા એ વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યાંથી સ્વતંત્ર પંચો અને સાહેદો મળી શકે એમ છે. પરંતુ આ કામે તેઓએ ગુનાવાળી જગ્યાની આજુબાજુના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. તેઓને તપાસના કામે મળેલ ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી અને પી.સી.આર. વાનનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર પણ જણાવેલો નથી. તદ્ઉપરાંત, બ્રેથ એનાલાઇઝરમાં ફૂંક મરાવતા કેટલી માત્રામાં કેફી પીણું બતાવેલું તે ફરિયાદમાં જણાવેલું નથી. ત્યારબાદ તેઓએ પોતાની ઉલટતપાસમાં કોઇ વ્યકિતને આંખમાં ઇન્ફેકશન હોય તો

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

તેની આંખ લાલ હોઇ શકે તે હકીકત સ્વીકાર રાખેલ છે. સદર કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી તેમની જુબાનીને સમર્થન પ્રાપ્ત થતું નથી જેથી આ કામના આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર બને. વધુમાં, આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી જેથી પંચનામાની હકીકતો માની શકાય નહી. પંચો હોસ્ટાઇલ હોઇ પંચનામાની હકીકતો સંપૂર્ણપણે સાબિત થઇ પુરવાર થતી નથી તેથી પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૫) આમ, રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપી ઉપર શંકા ઉદ્ભભવે છે કે તેઓએ ફરિયાદવાળો ગુનો કરેલ છે પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબૂત હોય તો પણ તે કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહી. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ ફરિયાદપક્ષને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશનના શીરે હોય છે. પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરિયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ

સિધ્ધાંત છે કે,''સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી.'' આમ, ઉપરોકત કરેલ ચર્ચાના કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં **નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ – એ.આઈ.આર.– ૨૦૧૨ એસ.સી. ૭૮૬** માં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા નં. ૨૮ માં એમ ઠરાવેલ છે કે,

> "It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion, however strong, can never take the place of proof. There is indeed along distance between accused 'may have committed the offence' and 'must have committed the offence which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of NarendraSingh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors.

(2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૬) આમ, રેકર્ડ ઉપરની હકીકત, રજુ થયેલ પુરાવા, બંને પક્ષકારો તરફે દલીલો તથા ઉપર મુજબ કરેલ ચર્ચાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નંબર- ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં મુદ્દા નંબર- ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::આ ખ રી હુ ક મ::-**

(૧) આ કામના આરોપી **આશિષભાઈ રમેશભાઈ પટેલ,** ઉં.વ.૨૦, વ્યવસાય- ખેતી/મજુરી, રહે. કાકડકુવા, સડક ફળીયા, તા. ધરમપુર, જિ. વલસાડ નાઓને **પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)બી** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૨૭૮ (૧) અન્વયે **શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે અપીલ સમય વિત્યા બાદ કબજે લીધેલ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

(૩) આરોપીના અગાઉ આપેલ જમીનખત તથા જાતમુચરકા ભારતીય

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૮૧ અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૦૮, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.: ૦૮/૦૬/૨૦૨૬
સ્થળ : ધરમપુર

**(પારુલ રાજપાલ ધનખડ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ
ધરમપુર, વલસાડ.
**જી.જે.૦૧૬૭૧**

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR